**દેવગઢ બારીયાના પ્રીન્સીપલ.જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,મુ.દે.બારીયા.**

**ફોજદારી કેસ નં. ૧૦૩૮/૨૦૨૨**

ફરીયાદી :: શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :: અશ્વિનભાઇ કનુભાઇ ભુરીયા
રહે. દુધીયાધારા, માતા ફળીયુ, તા. લીમખેડા, જિ. દાહોદ.

**ગુનો :– આઈ.પી.સી.૨૮૩ મુજબ**

**// ઠ રા વ //**

(૧) આ કામના આરોપીએ તા. ૩૧/૦૭/૨૦૨૨ ના કલાક ૧૪/૪૫ વાગે મોજે પીપલોદ ગામે બસ સ્ટેન્ડ પાસે આ કામના આરોપીએ પોતાના કબજાની મોટર સાયકલ નં. જી.જે.–૨૦–કયુ–૪૯૮૯ ને જાહેર રોડ ઉપર ટ્રાફીક થાય તેવી રીતે તથા આવતાં જતાં રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે રોડ ઉપર ઉભી રાખી પકડાઇ જઇ ગુનો કરેલ હોય, આરોપીને અટક કરી પોલીસ તરફથી ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપી હાલ જામીન મુકત છે. આરોપી કોર્ટમાં સમન્સ બજતા હાજર હોય કેસની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક– ૦૩ થી આરોપીની પ્લી લેવામાં આવેલ છે અને આંક– ૦૪ થી આરોપીએ કબુલાત પુરશીશ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આરોપી પોતે ગરીબ માણસ છે અને પ્રથમ ગુનો અજાણતા થઈ ગયેલ હોય દયા કરવા કોર્ટને અરજ કરેલ છે. તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમાં લઈ હું નીચે મુજબ હુકમ કરૂ છું

**:: હુ ક મ ::**

૧. આ કામના આરોપી અશ્વિનભાઇ કનુભાઇ ભુરીયા રહે. દુધીયાધારા, માતા ફળીયુ, તા. લીમખેડા, જિ. દાહોદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ આઈ.પી.સી. ની કલમ –૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આઈ.પી.સી. ની કલમ –૨૮૩ મા રૂા.૨૦૦ (અંકે રૂપીયા બસ્સો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે. તેમજ જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૦૫ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

**આ હુકમમાં આજરોજ તારીખ– ૧૩ , માહે– મે, સને– ૨૦૨૩ ના રોજ મારી સહી કરી નેશનલ લોક અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.**

**Sd/-**

**સ્થળ :દેવગઢ બારીયા.**
**તારીખ: ૧૩ – ૦૫ – ૨૦૨૩**

**( ગોપાલ લાલ પારીક)**
**પ્રીન્સીપાલ સીવીલ જજ**
**અને જયુડી.મેજી.ફ.ક.દેવગઢ બારીયા**
**કોડ નં.જી.જે.૦૧૪૦૪**